# 49

સુરેન્દ્રનગર જીલ્લાની બોટાદ શાખા નહેરથી ચોમાસામાં ખેડુતોના પાકને થતા નુકશાન બાબત

*** ૧૫/૪/૩:** શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા (સોમનાથ):માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકાના ટીંબા ગામ પાસે પસાર થતી બોટાદ શાખા નહેરની સાં.૧૦.૦૦ કિ.મી. થી ૧૧.૫૦૦ કિ.મી. (આઈ.પી. સાઈડ) પાસે આવેલ ખેતરોમાં વરસાદી પાણી ભરાવાને કારણે ખેડૂતોના પાકને ચોમાસામાં નુકશાન થાય છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતીએ બોટાદ શાખા નહેરની સાં.૧૦.૦૦ કી.મી. થી ૧૧.૫૦૦ કી.મી. આઈ.પી. સાઈડે વરસાદી પાણીના નિકાલ માટે સાઈડ ગટર બનાવેલ છે. |
| (૨) જો, હા તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉક્ત સ્થળે વરસાદી પાણીના નિકાલ માટે અન્ડર ગ્રાઉન્ડ નાળુ બનાવવાની કેટલી રજૂઆતો સરકારને મળી, | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉક્ત સ્થળે વરસાદી પાણીના નિકાલ માટે અન્ડર ગ્રાઉન્ડ નાળુ બનાવવા કુલ-૦૨(બે) રજૂઆતો મળેલ છે. |
| (૩) મળેલ રજૂઆત અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી, અને | (૩) ઉક્ત રજૂઆત અન્વયે નહેરની સાઈડ ગટર સળંગ કરવા અંગેનું આયોજન છે. |
| (૪) ઉક્ત સ્થળે અન્ડર ગ્રાઉન્ડ નાળુ બનાવવા શી કાર્યવાહી હાથ ધરેલ છે? | (૪) તાંત્રિક શક્યતા ચકાસવાની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. |

---